ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૧૮ ઓગસ્ટ ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

## પંડોળી
## ટાઉન ટોક

### -: પંડોળી ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 3248 |
| કુલ વસ્તી | 15103 |
| કુલ પુરૂષો | 7937 |
| કુલ સ્ત્રીઓ | 7166 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 77.77 |
| પુરૂષ સાક્ષરતા દર | 88.07 |
| સ્ત્રી સાક્ષરતા દર | 66.48 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 677 |
| ખેત મજૂર | 3096 |
| સીમાંત વર્ગ | 736 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 1017 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 1908 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 7681 |
| ગાય | 919 |
| ભેંસ | 5834 |
| અન્ય | 928 |

### -: જમીન ક્ષેત્રફળ :-

1814 હેક્ટર 67 આરે 90 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 13 હેક્ટર 77 આરે 96 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 12 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 01 |
| વિદ્યાર્થીઓ | 976 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 3500 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 2795 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 230 |
| ખેતી વિષયક જોડાણ | 179 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 1200 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 1126 |
| BPL કાર્ડ ધારકો | 1012 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 234 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 537 |
| વિધવા સહાય | 674 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 15 |

## ચરોતર પંથકનું પ્રસિદ્ધ ગામ
# પંડોળી




# પાંડવોના વસવાટની લોકવાયકાથી માંડીને વૈશ્વિક ઓળખ સુધીની સફર ધરાવતું ગામ પંડોળી




**ગામની સ્થાપના વિક્રમ સંવત૧૧૦૧માં સોજિત્રાના રાહોલ ત્રિશાસિયા જેસંગ દેવજી દ્વારા કરવામાં આવી હતી**

પેટલાદ તાલુકાનું પંડોળી ગામ સમગ્ર આણંદ જિલ્લાના આગવા અને વિશિષ્ટ ગામોમાં સ્થાન ધરાવે છે. આશરે ૨૧ હજારથી વધુ વસ્તી ધરાવતું આ ગામ પૌરાણિક પરંપરા, ઐતિહાસિક ધરોહર, શિક્ષણ, કૃષિ-પશુપાલન અને દેશ-વિદેશમાં વસેલા વતનીઓના યોગદાનને કારણે વિશેષ ઓળખ પામ્યું છે. વિવિધ સમાજ-જ્ઞાતિના લોકો અહીં હળીમળીને વસવાટ કરે છે, જે ગામની સામાજિક એકતાનું પ્રતિબિંબ છે. આશરે ૮૩ ટકા સાક્ષરતા દર ધરાવતું પંડોળી જિલ્લા મથક આણંદથી લગભગ ૩૧ કિલોમીટર દૂર આવેલું છે.

પંડોળી ગામના નામ અંગે રસપ્રદ લોકવાયકા પ્રચલિત છે. સ્થાનિક માન્યતા અનુસાર મહાભારતકાળ દરમિયાન પાંડવોએ અજ્ઞાતવાસના સમયમાં અહીં રોકાણ કર્યું હતું. તે સમયે સ્થળને 'પાંડવા' તરીકે ઓળખવામાં આવતું હતું. સમય જતાં ઉચ્ચાર અને પ્રયોગમાં ફેરફાર થતા 'પંડોરી' અને ત્યારબાદ 'પંડોળી' નામ પ્રચલિત બન્યું હોવાનું સ્થાનિક વયોવૃદ્ધ અગ્રણીઓ વર્ણવે છે. આ લોકવાયકા ગામને પૌરાણિક ઓળખ સાથે સાંકળે છે. સ્થાનિક ઐતિહાસિક માહિતી મુજબ પંડોળી ગામની સ્થાપના વિક્રમ સંવત ૧૧૦૧માં સોજિત્રાના રાહોલ ત્રિશાસિયા જેસંગ દેવજી દ્વારા કરવામાં આવી હતી. આ માહિતી ગામના લાંબા ઈતિહાસ અને સુવ્યવસ્થિત વસાહત તરીકેના વિકાસની સાક્ષી આપે છે. પૌરાણિક કથાઓ, મધ્યયુગીન સ્થાપના, શૈક્ષણિક પ્રગતિ અને વૈશ્વિક જોડાણ–આ ચારેય પરિબળો પંડોળીને અનોખું બનાવે છે. પરંપરા અને આધુનિકતાનો સમન્વય જાળવી રાખીને પંડોળી આજે આણંદ જિલ્લાના પ્રેરણાદાયી ગામોમાં ગણાય છે.




## માતૃશ્રીની યાદમાં એક કરોડના ખર્ચે પટેલ રેવાબા એન્ડ ગંગાબા પ્રાથમિક શાળા બનાવી આપી

બે વર્ષ પૂર્વે ગામના વતની એન.આર.આઈ દિપકભાઈ ગિરધરભાઈ પટેલ અને કાંતિભાઈ પરસોત્તમભાઈ પટેલે માતૃશ્રીની યાદમાં એક કરોડના ખર્ચે પટેલ રેવાબા એન્ડ ગંગાબા પ્રાથમિક શાળા બનાવી આપી હતી આ સિવાય 26 લાખના ખર્ચે પ્રાર્થના મંદિર, 2 લાખ 65 હજારના ખર્ચે શાળાનું પ્રવેશદ્વાર અને આગામી સમયમાં ગામની ભૌતિક સુવિધામાં વધારો કરવા કટિબદ્ધ છે ગામને ગૌરવવંતુ બનાવવા માટે આજે પણ ગામના એન.આર.આઈ દાતાઓ ગ્રામોત્થાન કાર્યમાં સહભાગી બની દાનાપર્ણની ભૂમિકા અદા કરી પોતાની માતૃભૂમિનું ઋણ વીરતાપૂર્વક અદા કરી રહ્યાં છે. આમ તમામ ભૌતિક સુવિધાઓ, દાતાઓ, વિવિધ સમાજના આગેવાનો ,શિક્ષિતોને કારણે આ ગામ આજે પરગણામાં પંકાય છે. - **હસમુખભાઈ પ્રજાપતિ, નિવૃત્ત શિક્ષક**



**ભૌતિક સુવિધાઓ, દાતાઓ, વિવિધ સમાજના આગેવાનો, શિક્ષિતોને કારણે આ ગામ આજે પરગણામાં પંકાય છે**

# વિદેશ વસતા વતનીઓ ગામનું ઋણ ચૂકવવા સખાવતની સરવાણી સતત વહેતી રાખે છે







ચરોતરના અન્ય ગામોની જેમ પંડોળીના પણ અનેક પરિવારો વિદેશના વિવિધ દેશોમાં વસે છે. જોકે વિદેશમાં વસવાટ કરતા હોવા છતાં આ પરિવારોનું પોતાના ગામ સાથેનું જોડાણ આજે પણ એટલું જ મજબૂત છે. એનઆરઆઈ પરિવારો સમયાંતરે ગામની મુલાકાત લે છે અને ગામના વિકાસકાર્યોમાં આર્થિક યોગદાન આપે છે.

આ દાતાઓના સહયોગથી ગામમાં શિક્ષણ, પ્રાર્થનામંદિર તથા અન્ય ભૌતિક સુવિધાઓમાં વધારો થયો છે. બે વર્ષ અગાઉ ગામના વતની એનઆરઆઈ દિપકભાઈ ગિરધરભાઈ પટેલ અને કાંતિભાઈ પરસોત્તમભાઈ પટેલે પોતાની માતૃશ્રીની સ્મૃતિમાં આશરે એક કરોડ રૂપિયાના ખર્ચે 'પટેલ રેવાબા એન્ડ ગંગાબા પ્રાથમિક શાળા'નું નિર્માણ કરાવી આપ્યું હતું. આ સાથે આશરે 26 લાખ રૂપિયાના ખર્ચે પ્રાર્થનામંદિર અને 2.65 લાખ રૂપિયાના ખર્ચે શાળાનું પ્રવેશદ્વાર પણ બનાવવામાં આવ્યું હતું.

માતૃભૂમિ પ્રત્યેની લાગણીથી પ્રેરાઈને ગામના એનઆરઆઈ દાતાઓ આજે પણ ગ્રામોત્થાનના વિવિધ કાર્યોમાં સહભાગી બની રહ્યા છે. તેમના યોગદાનથી ગામની શૈક્ષણિક તથા ભૌતિક સુવિધાઓમાં સતત વધારો થઈ રહ્યો છે

### ગામમાંથી મળેલા સંસ્કારો જીવનમાં સતત પ્રેરણા આપે છે



પંડોળી ગામ અમારી માત્ર જન્મભૂમિ નથી, પરંતુ અમારા જીવનની શરૂઆત અને સંસ્મરણો સાથે જોડાયેલી માતૃભૂમિ છે. આજે ભલે વ્યવસાય અને જીવનના કારણે વિદેશમાં વસવાટ કરીએ છીએ, પરંતુ ગામ સાથેનો આત્મીય સંબંધ ક્યારેય દૂર થયો નથી. બાળપણમાં ગામની શેરીઓમાં વિતાવેલા દિવસો, ગામના લોકોનો પ્રેમ અને અહીંથી મળેલા સંસ્કારો આજે પણ જીવનમાં સતત પ્રેરણા આપે છે. તેથી જ પોતાના વતન માટે કંઈક કરવાની ભાવના હંમેશા મનમાં રહી છે. માતૃશ્રી રેવાબા અને ગંગાબાની સ્મૃતિને કાયમી બનાવવા અને ગામના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે સારી સુવિધા મળી રહે તે હેતુથી 'પટેલ રેવાબા એન્ડ ગંગાબા પ્રાથમિક શાળાનું નિર્માણ કરાવવાનો વિચાર આવ્યો. આશરે એક કરોડ રૂપિયાના ખર્ચે શાળાનું નિર્માણ કરાવીને તેને ગામને અર્પણ કરવાનો અમને ખૂબ જ આનંદ અને સંતોષ છે. શાળાની સાથે પ્રાર્થનામંદિર અને પ્રવેશદ્વાર જેવી સુવિધાઓ ઊભી કરવામાં પણ સહભાગી બનવાની તક મળી તે અમારા માટે ગૌરવની વાત છે. પંડોળી ગામના વિકાસમાં ગામના દરેક નાગરિકનો ફાળો મહત્વનો છે. ભવિષ્યમાં પણ ગામની જરૂરિયાત મુજબ શિક્ષણ, સામાજિક અને અન્ય વિકાસકાર્યોમાં શક્ય તેટલો સહયોગ આપતા રહેવાની અમારી ભાવના છે. વતન પ્રત્યેનું ઋણ ક્યારેય ચૂકવી શકાતું નથી, પરંતુ પોતાની ક્ષમતા મુજબ સેવા કરવાનો પ્રયાસ ચોક્કસ કરી શકાય. - **દિપકભાઈ ગિરધરભાઈ પટેલ (પંડોળી-કેનેડા)**

### વતન સાથે લાગણી, સંસ્કાર અને જીવનભરની યાદો જોડાયેલી છે



પંડોળી ગામ સાથેનો અમારો સંબંધ માત્ર એક સ્થળ સાથેનો સંબંધ નથી, પરંતુ લાગણી, સંસ્કાર અને જીવનભરની યાદો સાથે જોડાયેલો છે. જીવનના સંજોગોને કારણે આજે વિદેશમાં વસવાટ કરીએ છીએ, પરંતુ મનથી આજે પણ પંડોળી સાથે જ જોડાયેલા છીએ. ગામના લોકોનો પ્રેમ અને ગામમાંથી મળેલા સંસ્કારોને અમે જીવનની અમૂલ્ય મૂડી માનીએ છીએ. માતૃશ્રીની સ્મૃતિને ચિરંજીવ રાખવા અને ગામના બાળકોના ભવિષ્ય માટે કંઈક સારું કાર્ય કરવાની ઈચ્છા હતી. આ ભાવનાથી 'પટેલ રેવાબા એન્ડ ગંગાબા પ્રાથમિક શાળા'ના નિર્માણમાં સહભાગી બનવાની તક મળી. આશરે એક કરોડ રૂપિયાના ખર્ચે શાળા તૈયાર થઈ અને ગામના બાળકો માટે શિક્ષણની વધુ સારી સુવિધા ઊભી થઈ છે. આ ઉપરાંત પ્રાર્થનામંદિર અને શાળાના પ્રવેશદ્વારના નિર્માણમાં પણ સહયોગ આપી શક્યા તે અમારું સૌભાગ્ય છે. આજે ગામનો કોઈ બાળક સારી શાળામાં ભણે, આગળ વધે અને પોતાના પરિવાર તથા સમાજનું નામ ઉજ્જવળ કરે તો એ જ અમારા માટે સૌથી મોટું સન્માન છે. વતન માટે કંઈક પરત આપવાની ભાવના હંમેશા રહેશે. ગામના વિકાસમાં એનઆરઆઈ પરિવારો અને સ્થાનિક નાગરિકો સાથે મળીને કામ કરે તો પંડોળી વધુ વિકસિત અને સુવિધાસભર બની શકે છે. આવનારી પેઢી માટે શિક્ષણ અને વિકાસની મજબૂત પાયાની રચના થાય એ જ અમારી ઇચ્છા છે. - **કાંતિભાઈ પરસોત્તમભાઈ પટેલ (પંડોળી-અમેરિકા)**